ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૮/કવા–૦૪/૧૮–૧૯/ 3080 – 4 તા. 01/05/19

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મે. જે.કે. પ્રોડકટસ,
આજી વસાહત–(૧), જીઆઈડીસી શેડ નં.–એ ૨/૧, રાડ–એ,
જીઆઈડીસી વોટર ટેંક ની પાસે, રાજકોટ–૩૬૦૦૦૩
મો:૦૨૮૧–૨૩૮૪૫૮૭, ૨૩૮૭૯૮૫

વિષય :–જાણ વિના કનેકશન મર્જ નુ બીલ આપવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૪–૦૨–૧૯ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૮/કવા–૦૪/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગેજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, આજી(ઈન્ડ) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૮/ક્વા–૦૪/૧૮–૧૯/** 3080-4 તા. 1-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૮/ક્વા–૦૪/૧૮–૧૯

| | |
|---|---|
| અરજદાર: | મે. જે.કે. પ્રોડકટસ ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર: | મે. જે.કે. પ્રોડકટસ ના ભાગીદાર હસમુખભાઈ ટી. રાબડીયા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ |
| રજૂઆત કરનાર: | (૧) પી.કે.પાલા– કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ<br>(૨) બી.કે.મહેતા – એસ.એ.– શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ<br>(૩) એસ.એમ.ઉંજીયા – નાયબ ઈજનેર– આજી પેટા વિભાગીય કચેરી |

## :: કોરમ ::

(૧) કા.વા. ચેરપર્સન– શ્રી જે.બી.પારેખ

(૨) મેમ્બર સ્વતંત્ર– કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance ... P.G.V.C.L. Rajkot ... Forum

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી – રાજકોટ |
| તારીખ: | ૧૬–૦૪–૨૦૧૯ |

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૬–૦૪–૨૦૧૯ ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર મે. જે.કે. પ્રોડકટસ, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૩૮/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ શેડ – એ–૨ / ૧ માં ગ્રાહક નં. – ૮૨૦૦૧/૫૬૩૪૨/૬ થી ૭૦ કીવો અને તેની બાજુના શેડમાં એ–૨ / ૨ માં – જેના ગ્રાહક નં.– ૮૨૦૦૧/૫૫૪૮૮/૫ થી ૪૬ કીવો એનઆરજીપી વીજજોડાણ ધરાવે છે. સદર બન્ને શેડ ની ખરીદી અલગ–અલગ તેમજ પ્રીમાઈસીસ અલગ હોય – તેમ છતા – પીજીવીસીએલ તરફથી નિયમ વિરુધ્ધ અમોને બન્ને વીજજોડાણો મર્જ અંતર્ગત નુ બીલ આપેલ છે. તેમજ એકજ પ્રીમાઈસીસમાં બે માથી એક જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવા જણાવેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ **અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર** શ્રી મે. જે.કે.પ્રોડક્ટ આજી ઇન્ડ.પે.વી.કચેરી હેઠળ ગ્રાહક નં- ૮૨૦૦૧/૫૬૩૪૨/૬ LTMD કેટેગરી નું ૭૦ કિ.વો. નું વીજ જોડાણ તથા અન્ય એક વીજ જોડાણ ગ્રાહક નંબર ૮૨૦૦૧/૫૫૪૮૮/૫ થી LTMD કેટેગરી નું ૪૬ કિ.વો. નું ધરાવે છે.

૩.૧ ઉપરોક્ત બંને વીજ જોડાણો એકજ સ્થળ આજી વસાહત -૧ જીઆઇડીસી. રોડ એ એ-૨/૧ તથા એ-૨/૨ માં ધરાવે છે .જે વીજ જોડાણ બંને જે.કે.પ્રોડક્ટ ના નામથી ધરાવે છે. ઇન્ટરનલ ઓડીટ ટીમ દ્વારા માહે એપ્રિલ-૨૦૧૬ થી માર્ચ-૨૦૧૭ ના સમયગાળા નું ઓડીટ કરવામાં આવતા મર્જ વિદ્યુત જાહેરનામા ક્રમાંક ૦૪/૨૦૧૫ ના વિભાગ ૪.૨૮ ના અનુસંધાને "એક

જગ્યા માટે અથવા તેજ માલિકના અડીને આવેલ / બાજુ ની જગ્યા માં કે જાહેર માર્ગ કે ખાનગી જગ્યાથી અલગ પડતા ના હોય તેવા સ્થળ પર એક કરતા વધારે વીજ જોડાણ" હોવાના કારણે મે. જે.કે.પ્રોડક્ટ ને માત્ર ટેરીફ ના તફાવત મુજબ નું પૂરવણી બીલ તારીખ ૨૮.૦૧.૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ છે જેમાં કોઈ પેનલ્ટી કે દંડ કરવામાં આવેલ નથી.

૩.૨ સદર બાબત ની વિગતવાર માહિતી અરજદાર ને તા. ૧૯-૦૨-૧૯ ના રોજ આપતા તેઓ ની ફરિયાદ નું નિરાકરણ થયેલ હોય, જેથી અરજદારે તેઓ ની ફરિયાદ અંગે કોઈ વાંધો કે તકરાર રહેતી નથી જે અંગેની તા:૧૯.૦૨.૨૦૧૯ થી લેખીત સંમતિ આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, આજી ઈન્ડસ્ટ્રીયલ ના કાર્યક્ષેત્રમાં નીચે દર્શાવ્યા મુજબ ના ૦૨ ઓર્ધોગીક વીજજોડાણો – બાજુ બાજુ ના પ્લોટમાં – જે તે સમયે રીલીઝ કરાયેલ છે.

(૧) મે. જે.કે. પ્રોડકટસ ગ્રાહક નં. – ૮૨૦૦૧/૫૬૩૪૨/૬ થી ૭૦ કીવો , ટેરીફ – એલ.ટી.એમ.ડી પ્લોટ નં.–એ–૨/૧ અને

(૨) મે. જે.કે. પ્રોડકટસ ગ્રાહક નં. – ૮૨૦૦૧/૫૫૪૮૮/૫ થી ૪૬ કીવો , ટેરીફ – એલ.ટી.એમ.ડી પ્લોટ નં.–એ–૨/૨

૪.૨ સદર કેઈસ મા, પ્રથમ જોડાણ તા.૧૧–૧૦–૯૦ થી રીલીઝ કરાયેલ, અને જયારે બીજુ જોડાણ તા.૦૩–૦૮–૮૭ મા રીલીઝ કરાયેલ, ઉપરોક્ત દર્શાવ્યા મુજબ નુ પ્રથમ જોડાણ શ્રી લલીતકુમાર નાગજીભાઈ ખંભાયતા પાસેથી વર્ષ–૨૦૦૯ માં જે.કે. પ્રોડકટસ દ્વારા ખરીદ કરાયેલ, તેમજ બીજુ જોડાણ વર્ષ–૨૦૧૧ માં રમેશભાઈ નાગજીભાઈ ખંભાયતા પાસેથી જે.કે. પ્રોડકટસ દ્વારા ખરીદ કરાયેલ. સદર જોડાણ ના પીજીવીસીએલ ની ઓડિટ ટીમ દ્વારા માહે ઓગષ્ટ–૧૮ ચકાસણી કરતા, બન્ને જોડાણ માં કોમન પાનકાર્ડ નંબર AAGFJ2836B જોવા મળેલ છે, જે અનુસંધાને – ઓડિટ ટીમ દ્વારા આ બન્ને જોડાણ નિયમ મુજબ મર્જ કરવા પડે, તેવો રીપોર્ટ આપેલ, તે અનુસંધાને – પેટા વિભાગીય કચેરી દ્વારા બન્ને જોડાણ ને મર્જ ગણીને – સીગલ જોડાણ મુજબ – તા.૨૪–૦૯–૧૫ થી માહે નવેમ્બર –૧૮ ના સમયગાળા માટે ઓડિટ રીકવરી પ્રપોઝ કરાયેલ, જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા જે.કે. પ્રોડકટસ ને તા.૨૮–૦૧–૧૯ ના રોજ રૂ.૧,૦૯,૫૩૨/૫૦ નુ પુરવણી બીલ આપવામા આવેલ.

૪.૩ અરજદાર દ્વારા સદર બન્ને યુનીટ ની ખરીદી અલગ–અલગ તેમજ પ્રીમાઈસીસ અલગ–અલગ હોય, પીજીવીસીએલ તરફથી બન્ને વીજજોડાણ નુ મર્જ અંતર્ગત નુ પુરવણી બીલ આપવામા આવેલ, તે નિયમ વિરુધ્ધ હોવાનુ જણાવેલ છે.

૪.૪ પીજીવીસીએલ દ્વારા પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ MD/29/09-12-2014 પીજીવીસીએલ / આરઈજીસેલ / ટી–૧૧૫ તા.૦૪–૦૧–૧૪ અને પીજીવીસીએલ / કોમ / ૨૦૧૪–૧૫ /૮૪ તા.૦૫–૦૧–૧૫ના અનુસંધાને – ઓડિટ ટીમ દ્વારા – જે કઈ પુરવણી બીલ પ્રપોઝ કરેલ છે, તે નિયમ ને સુસંગત છે, જે તે સમય ના પરીપત્ર નો અભ્યાસ કરતા માહે જાન્યુઆરી ૧૫ મા નિયમ મુજબ ૩૦ દિવસ ની નોટીસ આપવાની આવશ્યકતા હતી, પરંતુ રેકર્ડ તપાસતા પીજીવીસીએલ દ્વારા આવી કોઈ નોટીસ અપાયેલ નથી. તેમ છતા, જે તે સમય ના પ્રવર્તમાન નિયમ મુજબ – જીયુવીએનએલ તેમજ પીજીવીસીએલ દ્વારા જે કઈ પરીપત્ર / માર્ગદર્શીકા ઈસ્યુ કરાયેલ છે, તે તમામ બાબતો ગ્રાહક ને નિયમ મુજબ બંધનકર્તા છે, અને આ પરીપત્ર મુજબ – બન્ને જોડાણો વર્ષ–૨૦૧૫ થી મર્જ થઈ જવા જોઈએ, તેના અનુસંધાને પીજીવીસીએલ દ્વારા વર્ષ–૨૦૧૫ થી માહે નવેમ્બર ૧૮ ના સમયગાળા નુ પુરવણી બીલ આપવામા આવેલ છે, તે નિયમોને સુસંગત છે, અને આ પુરવણી બીલ અરજદાર ને ભરપાઈ કરવાનુ રહેશે.

૪.૫ તેમ છતા, સદર કેઈસ મા, પીજીવીસીએલ દ્વારા જે તે સમયના પ્રવર્તમાન નિયમોનુ પરીપત્ર/માર્ગદર્શીકા મુજબ પાલન કરાયેલ નથી, આ માટે સંલગ્ન અધિકારી / કર્મચારીની નિયમ મુજબ જવાબદારી નક્કી કરી શિસ્તભંગ ની કાર્યવાહી કરવાના પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે. તેમ છતા, અરજદાર ને અપાયેલ પુરવણી બીલ નિયમ ને સુસંગત હોય - રદ કરી શકાય નહી. જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા અરજદાર ને માહિતી અપાયેલ હોય, જેથી, અરજદારની ફરીયાદ નુ નિરાકરણ થયેલ હોય -- તેઓએ મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે સમાધાન કરેલ છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

Grievance ... P.G.V.C.L. R...

(જે.બી. પારેખ)
ચેરપર્સન